


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 178
Dt.: 11-03-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa



# તમે આ વાત પર વિશ્વાસ નહીં કરો!

## હા, તે અશક્ય લાગે છે - પણ તે સાચું છે.

## ભારતમાં પહેલીવાર

## 97% મહિલાઓને સન્માન, પંજાબ સરકારનું એક ઐતિહાસિક પગલું

## મુખ્યમંત્રી માવન-ધ્યાન સત્કાર યોજના

હવે પંજાબમાં દરેક મહિલાને **₹1,000** દર મહિને

એસ.સી.વર્ગની મહિલાઓને **₹1,500** દર મહિને

"પંજાબ એ સમગ્ર રાષ્ટ્ર સમક્ષ મહિલા સશક્તિકરણનો એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. "મુખ્યમંત્રી માવન-ધ્યાન સત્કાર યોજના" સાબિત કરે છે કે જો સરકારનો ઇરાદો પ્રામાણિત હોય, તો દરેક ગેરંટી પૂર્ણ કરી શકાય છે. જ્યારે રાષ્ટ્રની અડધી વસ્તી આર્થિક રીતે સ્વતંત્ર હશે, ત્યારે જ એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે છે."

**ભગવંત સિંહ માન**
મુખ્યમંત્રી, પંજાબ



## શાનદાર ચાર વર્ષ, ભગવંત માન સાથે

માહિતી અને જનસંપર્ક વિભાગ, પંજાબ

# તંત્રી લેખ......

## યુદ્ધ કટોકટીને વધારે છે, તેલ રમત વિશ્વ અર્થતંત્રને વધુ ખરાબ કરી શકે છે

ઈરાન સામે અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ચલાવવામાં આવેલા યુદ્ધમાં ક્રૂડ ઓઈલના ભાવ ઈ૧૦૦ ને વટાવી ગયા છે, જેના કારણે વૈશ્વિક અર્થતંત્ર સામેના સંકટ વધુ ઘેરા બન્યા છે. યુએસ અને ઈઝરાયલી હુમલાઓના જવાબમાં ઈરાન પણ ગલ્ફ દેશો પર હુમલો કરી રહ્યું હોવાથી, પશ્ચિમ એશિયામાંથી તેલ અને ગેસના પુરવઠામાં વધુ વિક્ષેપ પડવાનું જોખમ છે. આ પ્રદેશને તેલ અને ગેસ પૂરો પાડતી હોર્મુઝની સામુદ્રધુની અવરોધિત છે. હાલમાં, એવા કોઈ સંકેત નથી કે તેલ અને ગેસ ટેક્રો આ જળમાર્ગ દ્વારા પરિવહન કરી શકશે. જો પશ્ચિમ એશિયા યુદ્ધથી ત્રાસી રહ્યું છે, તો તેલ, ગેસ અને ખાતર બંનેના ભાવ વધી શકે છે. ઈઝરાયલ અને ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સને સમજવું જોઈતું હતું કે જો ઈરાનને નિશાન બનાવવામાં આવે છે, તો તે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી શકે છે, જેનાથી પશ્ચિમ એશિયામાંથી તેલ અને ગેસ પુરવઠો બંધ થઈ શકે છે, જેના પરિણામે ઘણા દેશો માટે કટોકટી ઊભી થઈ શકે છે.

એ સમજવું મુશ્કેલ છે કે યુનાઈટેડ સ્ટેટ્સ પશ્ચિમ એશિયામાંથી તેલ અને ગેસ પુરવઠામાં વિક્ષેપ અટકાવવા માટે પગલાં લેવામાં કેમ નિષ્ફળ ગયું. તે હજુ પણ આવા પગલાં લેવાનું વિચારી રહ્યું નથી, અને તેનાથી વિપરીત, યુએસ પ્રમુખ ટ્રમ્પ તેલના વધતા ભાવોથી બેદરકાર દેખાય છે. તેમના માટે એવો દાવો કરવો ખૂબ જ બેજવાબદારીભર્યું છે કે તેઓ ઈરાનને પરમાણુ નિઃશસ્ત્રીકરણ માટે આ 'નાની કિંમત' ચૂકવવા તૈયાર છે.

એક તરફ, ટ્રમ્પ પોતાને એક સ્વ-ઘોષિત નેતા તરીકે રજૂ કરે છે જે વિશ્વ વ્યવસ્થાનો માર્ગ બનાવે છે, જ્યારે બીજી તરફ, તેઓ બેદરકારી દાખવી રહ્યા છે, તેને જોખમમાં પણ મૂકી રહ્યા છે. હવે, એવું લાગે છે કે તેણે ઈરાનની લશ્કરી ક્ષમતાઓ અને આંતરિક પરિસ્થિતિનું યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યા વિના હુમલો કર્યો હતો.

ઈઝરાયલ અને અમેરિકાએ ધાર્યું હતું કે ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ ખામેનીની હત્યાથી સત્તાનું સરળ સંક્રમણ થશે અને ઈરાની સૈન્ય ચોક્કસ બિંદુથી આગળ પ્રતિકાર કરી શકશે નહીં. જોકે, હાલમાં એવું લાગતું નથી. ખામેની કરતા પણ વધુ કટ્ટરપંથી ગણાતા તેમના પુત્ર, મોજતબાને તેના નવા સર્વોચ્ચ નેતા તરીકે ચૂંટીને, ઈરાને સંકેત આપ્યો કે શાસન પરિવર્તન નિકટવર્તી છે. ઈરાની સૈન્ય વધુને વધુ આક્રમક ક્ષમતાઓ પણ પ્રદર્શિત કરી રહ્યું છે. ઈઝરાયલને નિશાન બનાવવા ઉપરાંત, તે પશ્ચિમ એશિયામાં યુએસ લશ્કરી થાણાઓ તેમજ ત્યાંના તેલ અને નાગરિક વિસ્તારો પર હુમલો કરવા સક્ષમ છે. તેની ઘાતક ક્ષમતાઓ સૂચવે છે કે, હાર સ્વીકારવાને બદલે, તે પશ્ચિમ એશિયાને આ યુદ્ધમાં ખેંચવા માંગે છે. જો આવું થાય, તો વિશ્વનું સંકટ વધુ વધશે અને અમેરિકા પણ તેનાથી પ્રભાવિત થશે.

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ઓબીસી બેઠકોમાં ૩ ઘણો વધારો : રાજકીય ઉથલ પાથલ

### પાલિકા-મહાનગરપાલિકા અને પંચાયતોમાં ૮૮૩ માં થી બેઠકો વધી ૨૪૦૦ થી વધુ થવાનો અંદાજ



પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં આ વખતે મોટા ફેરફારો જોવા મળી શકે છે. ઓબીસી અનામતનો હિસ્સો ૨૭ ટકા કરતા ૧૪૪ જેટલા જ્ઞાતિઓનુ પ્રતિનિધિત્વ વધારવામાં આવતા રાજકીય પક્ષો માટે ઉમેદવારીનુ ગણિત સંપૂર્ણ બદલાઈ શકે છે.

જેના લીધે રીઝર્વેશન બેઠકો બદલાશે અને ઘણા નવા ચહેરા જોવા મળી શકે છે. નવી સ્થિતિ મુજબ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ઓબીસી ની બેઠકો અગાઉ ૮૮૩ હતી તે વધીને સીધી ૨૪૦૦ થઈ ગઈ છે. એટલે કે ૩ ઘણી બેઠકો વધી ગઈ છે. ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી પહેલા રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. અન્ય પછાત વર્ગ એટલે કે બક્ષીપંચ માટે અનામતનો હિસ્સો ૧૦ ટકા પરથી વધારીને હવે ૨૭ ટકા કરવામાં આવ્યો છે. જેના કારણે સ્થાનિક રાજકારણમાં ઓબીસી સમાજનુ પ્રભુત્વ વધશે. ઓબીસી અનામત વધતા અનેક બેઠકોનુ રીઝર્વેશન બદલાશે. અને ઘણા વર્તમાન નગરસેવકો માટે ટીકીટ બચાવવી મુશ્કેલ બની શકે છે. ગુજરાતમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીમાં આ વખતે ઓબીસી અનામત રાજકીય સમીકરણો બદલાવી શકે છે. રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કુલ અંદાજે ૯૦૫૦ બેઠકો પર આવનાર દિવસોમાં ચુંટણીઓ યોજાશે. ૨૦૨૧ ની ચુંટણીમાં આમાંથી ૮૮૩ બેઠકો ઓબીસી માટે અનામત હતી. પરંતુ હવે ઓબીસી અનામત ૧૦ ટકા પરથી વધીને ૨૭ ટકા થતા ઓબીસી સમાજના પ્રતિનિધિત્વ માં મોટો વધારો થવાનો છે. ૨૦૨૧ ની સ્થિતિએ રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કુલ ૯૦૫૦ બેઠકો માટે ચુંટણી યોજાઈ હતી. જેમાં ૮૮૩ ઓબીસી બેઠકો અનામત માટે હતી. જેમાં હવે વધારો થશે એ અંદાજે ૨૪૦૦ થી વધુ થવાનો અંદાજ છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં મહાનગરપાલિકા ૧૫, જિલ્લા પંચાયત ૩૨, તાલુકા પંચાયત ૨૩૧ થી વધુ નગરપાલિકા ૮૧ થી વધુ બેઠકો પર ચુંટણી યોજાશે.

ઓબીસી નેતાગીરી વધવા પર કોંગ્રેસના પ્રવકતા નિદત બારોટનુ કહેવુ છે કે અમે વસ્તીના આધારે અનામત આપવાની માંગણી ઘણા સમય પહેલા કરી હતી. ૨૦૨૩ માં સરકાર કાયદો લાવી અને ૨૭ ટકા અનામત કરી છે. સમાજનો વર્ગ જેને રાજકીય ક્ષેત્રે કામ કરવાની તક ઓછી મળતી હતી, વ્યવસ્થા તંત્રમાં ઓછુ સ્થાન મળતુ હતુ તેમને ફાયદો થશે. ઓબીસી સમાજના ૧૪૪ જેટલી જ્ઞાતિઓનુ આનાથી પ્રતિનિધિત્વ વધશે અને સમાજ જીવનમાં આવશે. તો ભાજપના અગ્રણી ઓબીસી મોરચાના પ્રમુખનુ કહેવુ છે કે ભાજપ જાતિ આધારીત રાજનીતી કરતી નથી. નામદાર કોર્ટ દ્વારા ૨૭ ટકા અનામત માટે આદેશ કરવામાં આવ્યા હતા. પાર્ટી અને કાર્યકરોને આનાથી ઓબીસી વર્ગને ફાયદો થશે. પાર્ટીને વરેલા વ્યકિતઓને જયારે જરૂર પડી ત્યાં ટીકીટ આપે છે. ભુતકાળમાં ઓપન બેઠકમાં પણ ઓબીસી ને ટીકીટ આપી હતી.

ઓબીસી અનામત વધતા ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં રાજકીય પક્ષો માટે ઉમેદવારીનુ ગણિત સંપૂર્ણ બદલાઈ શકે છે. જેના કારણે આ ચુંટણીમાં ઘણા નવા ચહેરા જોવા મળી શકે છે. અને સ્થાનિક રાજકાણરમાં ઓબીસી સમાજનુ પ્રભુત્વ વધતુ જોવા મળશે.

## ગુજરાતના ૧૭ જિલ્લાઓમાં ઉનાળાની કાળઝાળ ગરમી પરસેવો પડાવશે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં માર્ચ મહિનાની શરૂઆત થી જ કાળઝાળ ગરમીએ પ્રકોપ દેખાડવાનુ શરૂ કર્યુ છે. હવામાન વિભાગે રાજયના ૧૭ જિલ્લાઓમાં ગંભીર હીટવેવ ની આગાહી સાથે લાલ ચેતવણી જારી કરી છે. ઉત્તર પૂર્વીય સુકા પવનોને કારણે તાપમાનનો પારો ૪૦ ડીગ્રી ને પાર પહોચતા જનજીવન પ્રભાવિત થયુ હતું.

અમદાવાદ, રાજકોટ અને નવસારી જેવા શહેરોમાં બપોરના સમયે રોડ રસ્તાઓ સુમસામ જોવા મળી રહ્યા છે. દક્ષિણ ગુજરાતના નવસારીમાં ગરમીએ માજા મુકતા રસ્તા પરનો ડામર પીગળવાની ઘટના બહાર આવી છે. ડામર પીગળતા પદયાત્રીઓના પગરખાં ચોટી જવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા હોવાના અહેવાલો પણ પ્રાપ્ત થયા છે. નિષ્ણાંતોના મતે માર્ચના પ્રથમ સપ્તાહમાં જ આટલી પ્રચંડ ગરમી ચિંતાનો વિષય બની રહી છે. જો ગરમીનો પારો આ રીતે વધશે તો એપ્રિલમાં તાપમાન ૪૫ ડીગ્રી સુધી પહોચી શકે છે. હવામાન વિભાગની યાદી મુજબ ૯ થી ૧૫ માર્ચ દરમિયાન ગુજરાતમાં અગનવર્ષા જેવી સ્થિતિ રહેશે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં ગરમીનુ જોર સૌથી વધુ જોવા મળશે.

સૌરાષ્ટ્ર, રાજકોટ, જામનગર અને કચ્છમાં પણ ગરમીના આકરા મોજાની અસર વર્તાઈ રહી છે. આગામી ૨ થી ૩ દિવસમાં આકરા મોજની અસર વર્તાઈ છે. આગામી ૨ થી ૩ દિવસમાં તાપમાનમાં હજુ ૩ ડીગ્રી સુધીનો વધારો કરવાની પુરેપુરી શકયતા છે. લોકોને વધતી લુહ અને ગરમીથી બચવા આરોગ્ય વિભાગે લોકોને બહાર ન નિકળવા સલાહ આપી છે. શરીરને હાઈડ્રેટ રાખવા માટે સતત પાણી અને પ્રવાહી પીતા રહેવુ અત્યંત જરૂરી બન્યુ છે.

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપ યુવા ઉમેદવારોને સૌથી વધુ ટીકીટ આપશે

### ૬૦ વર્ષથી વધુ વયના નેતાઓને ટીકીટ મળવાની શકયતા ઓછી: ૩ ટર્મ થી વધુ ટર્મ ધરાવતા કાઉન્સિલરોને પણ ટીકીટ મળશે નહી



પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી સમયમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ યોજાશે. ચુંટણીપંચ અને સરકાર દ્વારા આ માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજયમાં નવી નિમાયેલી મહાનગરપાલિકાઓમાં પણ આ વખતે ચુંટણી યોજાશે. ત્યારે ભાજપે આ ચુંટણીને લઈને મહત્વનો નિર્ણય લીધો છે.

ભાજપ આ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં યુવાઓને વધુ ટીકીટ આપશે. તો બીજી તરફ ૩ ટર્મ થી ચુંટણી લડતા ઉમેદવારોને ટીકીટ નહી આપવાનો નિર્ણય ચાલુ રાખવામાં આવશે. આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વખતે ભાજપ યુવાનોને વધારે પ્રમાણમાં ટીકીટ આપશે. ૩ ટર્મ થી વધુ સમય ચુંટણી લડયા હોય તેવા અને ૬૦ વરસથી વધુ વયના નેતાઓને ટીકીટ આપવામાં નહી આવે, આ નિર્ણયના કારણે અનેક જુના જોગીઓના પત્તા કપાઈ શકે છે. તેમને હવે ભાજપના ધારાધોરણો અનુસાર ટીકીટ નહી મળી શકે. અમદાવાદની વાત કરીએ તો વર્તમાન ૩૨ કોર્પોરેટરોને આ વખતે ટીકીટ નહી મળવાની શકયતાઓ છે. અમદાવાદ મહાનગર પાલિકામાં ૩ ટર્મ થી ઉપરના અથવા તો ૬૦ વરસથી વધુના ૩૨ કાઉન્સિલરો છે. થોડા સમય બાદ સંગઠન ચુંટણીલક્ષી કામગીરી કરશે. સામે કોંગ્રેસે પણ યુવાનો પર મદાર રાખવાનુ ચાલુ કર્યુ છે. પક્ષ દ્વારા પાર્ટીના કાર્યક્રમોમાં સક્રિય રહેનારા કાર્યકરોને ટીકીટ આપશે. સમીકરણ બદલાયા બાદ પરીવારમાંથી પણ ટીકીટ આપવામાં આવશે. કોંગ્રેસ અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આયાતી ઉમેદવારને ઉતારી શકે છે.

## ઝાંસી પોલીસ દોડતી થઈ

## LPGની અછત વચ્ચે ૫૨૪ સિલિન્ડર ભરેલી ટ્રકની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઝાંસી

ઈઝરાયલ અને અમેરિકાના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિની સીધી અસર ભારતના રસોડા સુધી પહોંચી છે. ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાંથી સપ્લાય ખોરવી નાખવામાં આવતા ભારતમાં LPG ગેસની અછત સર્જાઈ છે. આ વચ્ચે હવે ઉત્તર પ્રદેશના ઝાંસીથી LPG સિલિન્ડર ભરેલા ટ્રકની ચોરી થવાનો એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે, જેનાથી ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ટ્રકમાં લગભગ ૫૨૪ ભરેલા LPG સિલિન્ડર હતા, જેની કિંમત લગભગ ૧૮ લાખ હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ ઘટના ઝાંસીના સિપરી બજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. ટ્રક માલિકની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ચોરો સામે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ટ્રક માલિક નીરજ અગ્રવાલના જણાવ્યા પ્રમાણે તેમનો ટ્રક નંબર UP 93 BT 3341, ઝાંસીના કરાડી સ્થિત ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન પ્લાન્ટ સાથે જોડાયેલ છે. ૨ માર્ચના રોજ પ્લાન્ટમાંથી ટ્રકમાં ૫૨૪ ગેસ સિલિન્ડર લોડ કરવામાં આવ્યા હતા અને કાનપુર દેહાતના ગજનેર મોકલવાના હતા.

હોળીના તહેવારના કારણે ટ્રક ડ્રાઈવર રાજકુમાર ટ્રકને પ્લાન્ટની બહાર પાર્ક કરીને ઘરે જતો રહ્યો હતો. થોડા દિવસો બાદ ૬ માર્ચે માહિતી મળી કે ટ્રક ઝાંસીના બારાગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પારીછા નજીક હાઈવે પર છે.

જ્યારે ટ્રક માલિક પહોંચ્યા ત્યારે તેમણે જોયું કે, ટ્રકમાંથી બધા ગેસ સિલિન્ડર ગાયબ હતા વાહનની GPS સિસ્ટમ પણ તોડી નાખવામાં આવી હતી.

ત્યારબાદ ટ્રક માલિકે તાત્કાલિક સીપરી બજાર પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી. પોલીસે કેસ નોંધીને તપાસ હાથ ધરી છે અને નજીકના સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. સ્ટેશન ઈન્ચાર્જ જયપ્રકાશ ચૌબેએ જણાવ્યું કે, ફરિયાદના આધારે અજાણ્યા લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે ટ્રક કબજે કરી છે અને ચોરાયેલા ગેસ સિલિન્ડર શોધવા માટે ટીમો તહેનાત કરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે, અમે ટૂંક સમયમાં આરોપીઓની માહિતી મેળવીને કાર્યવાહી કરીશું. હાલમાં પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. તમને જણાવી દઈએ કે, વિદેશથી LPGનો પુરવઠો ઓછો થવાને કારણે કેન્દ્ર સરકારે LPGના કમર્શિયલ ઉપયોગને નિયંત્રિત કર્યો છે.

## રાજય સરકારની ૫૦૦ થી વધુ એમ્બ્યુલન્સ ખાનગી એજન્સીને સોંપવા કરાયો આદેશ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની જિલ્લા હોસ્પીટલો, સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલો, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પીટલો, કોમ્યુનીટી હેલ્થ સેન્ટર, પ્રાઈમરી હેલ્થ સેન્ટર ખાતેની કુલ ૫૮૬ એમ્બ્યુલન્સ વાન અમદાવાદ સ્થિત એએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસ નામની એજન્સીને સોંપવાનો સરકારે આદેશ કર્યો છે.

રાજય સરકારે કઈ હોસ્પીટલ અથવા તો કેન્દ્રમાં ૫૮૬ એમ્બ્યુલન્સ પડી છે તેનુ એક અલગથી લીસ્ટ જે તે સંસ્થાને મોકલી આપ્યુ છે. અને આ તમામ એમ્બ્યુલન્સ હવેથી ૧૦૮ ની સેવા સંભાળતી ખાનગી એજન્સીને સોંપવાની સુચના આપવામાં આવી છે. ગુજરાત સરકાર ના આરોગ્ય વિભાગના તબીબી સેવાના અધિક નિયામક દ્વારા આ સંદર્ભે એક પરીપત્ર કરવામાં આવ્યો છે. અને તેમાં જણાવ્યુ છે કે સરકારી આ તમામ એમ્બ્યુલન્સ ગ્રીન હેલ્થ સર્વિસ ને સોંપવા માટે આદેશ કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ સુધી તેની અમલવારી થઈ નથી. હવે આ તમામ ૫૮૬ એમ્બ્યુલન્સ ગ્રીન હેલ્થ સર્વિસ ને સોંપવાની રહેશે અને જયારે કબ્જો આપવામાં આવે ત્યારે લેખિતમાં પ્રક્રિયા કરવાની રહેશે. આ પ્રક્રિયા વખતે એમ્બ્યુલન્સ માં હાલના ઉપલબ્ધ સંશાધનો, એસેસરીઝ, સ્પેરવ્હીલ વગેરેની વિગતો પુરી પાડવાની રહેશે અને લેવડ દેવડ વખતે જરૂરી હેન્ડ ઓવરની કાર્યવાહી કરી બંને પક્ષોએ આવી યાદી પર પોતાના હસ્તાક્ષર કરવાના રહેશે. જયારે એમ્બ્યુલન્સ ખાનગી સંસ્થાને સોંપવામાં આવે ત્યારે તેની આરસી બુક, ઈન્સ્યોરન્સ પોલીસી, પીયુસી, એમ્બ્યુલન્સ ખરીદી બીલ અને જરૂરી કાગળો પણ આપવાના રહેશે. ઝેરોક્ષ નકલ જે તે સંસ્થાએ પોતાની પાસે રાખવાની રહેશે.

ગુજરાત સરકારે વહિવટી મંજુરીની શરતો બાબતના નિયમો નકકી કર્યા છે. તે મુજબ જે હેતુ માટે મંજુરી આપવામાં આવી હોય તે હેતુ માટે જ ઉપયોગ થઈ શકશે. પરંતુ આ કિસ્સામાં ધારાસભ્યો અને સંસદસભ્યો ની ગ્રાન્ટમાંથી તરફથી મળેલી અને જે તે હોસ્પીટલને ફાળવવામાં આવેલી એમ્બ્યુલન્સ હવે ખાનગી એજન્સીના હવાલે કરી દેવામાં આવશે.

આયોજન મંડળની ગ્રાન્ટમાંથી કે સીએસઆર ફંડમાંથી કે અન્ય કોઈ પ્રકારના સ્ત્રોત મારફતે મળેલી એમ્બ્યુલન્સ પણ ગ્રીન હેલ્થ સર્વિસને સોંપી દેવાનો સરકારે આદેશ કર્યો છે.

આ તમામ એમ્બ્યુલન્સ ૧૦૮ સેવા સાથે ઈન્ટીગ્રેટેડ થયા પછી આવી એમ્બ્યુલન્સ વાહનોના હાલનુ પાર્કિંગ અને સેલ્ટરમાં જ રાખવાની રહેશે. જયારે દર્દી ને અન્ય જગ્યાએ રીફર કરવા એમ્બ્યુલન્સ ઉપયોગ કરવાની જરૂરીયાત ઉભી થાય ત્યારે ૧૦૮ નંબર ડાયલ કરીને તે મંગાવવાની રહેશે.

### જુનાગઢ GIDCના વિસ્તારને ઈકોઝોન જાહેર કરવાથી વેપારીઓ મુશ્કેલીમાં: ગોપાલ ઈટાલીયા

## AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિધાનસભામાં ગંભીર સવાલો ઉઠાવ્યા

અમદાવાદ/જુનાગઢ/સુરત/

આજે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિધાનસભામાં પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી મીડિયાના મિત્રોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, વિસાવદરમાં ભવ્ય લાઈબ્રેરીનું નિર્માણ થાય એવી માંગ મેં સરકાર સમક્ષ મૂકી છે, જેથી બાળકો ભણી ગણીને, વાંચન કરીને આગળ વધે અને ભેસાણમાં પણ એક પુસ્તકાલય ચાલુ થાય એવી માંગણી સરકાર સમક્ષ મૂકી છે. અમારા વિસાવદર-ભેસાણ અને જુનાગઢમાં હીરાના કારખાના ખૂબ જ આવ્યા છે પરંતુ તેના માલિકોને કોઈ સહાય મળતી નથી. તો મેં સરકાર સમક્ષ માંગ કરી છે કે આ તમામ લોકોને અલગ અલગ સબસીડી આપીને તેમને સપોર્ટ કરવામાં આવે કારણ કે તેઓ ગ્રામીણ વિસ્તારમાં રોજગારી આપી રહ્યા છે. સરકારી રત્ન કલાકારો માટે રત્નદીપ યોજના જાહેર કરી હતી, જેમાં તેઓ રત્ન કલાકારોના બાળકોની ફી ભરવાના હતા. પરંતુ સરકાર સ્વીકારવા તૈયાર નથી કે જુનાગઢ, અમરેલી, સુરતમાં વસતા હજારો રત્ન કલાકારોને રત્નદીપ યોજનાનો એક પૈસો પણ મળ્યો નથી. ઉપરથી ફોર્મ ભરવામાં રત્ન કલાકારોના ૨૦૦૦ના ખર્ચ થઈ ગયા. તો આજે મેં માંગ કરી છે કે જુનાગઢ, અમરેલી, સુરતના રત્ન કલાકારોને રત્નદીપ યોજનાનો લાભ મળે.

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જણાવ્યું હતું કે, સરકારે ૧૯૮૫ની આસપાસ જુનાગઢમાં જીઆઈડીસી બહાર પાડી અને વેપારીઓ વર્ષોથી ત્યાં પોતાનો વેપાર ધંધો કરે છે અને અત્યારે એક-દોઢ વર્ષ પહેલાં સરકારે જીઆઈડીસી ઉપર ઈકોઝોન જાહેર કર્યો. તો જે જગ્યા પર વેપારીઓ ૩૦ વર્ષે વ્યાપાર ધંધો કરે છે એ જગ્યાને સરકારે જંગલ જાહેર કરી દીધી અને સરકારના આ નિર્ણયના કારણે વેપારીઓને સરકારી પ્રોસેસના લાભ મળવાના બંધ થઈ ગયા. જુનાગઢ જીઆઈડીસીના વેપારીઓની વાત કોઈ ભાજપના લોકો સાંભળવા તૈયાર નથી. આના પરથી દેખાઈ રહ્યું છે કે સરકારી તંત્રમાં લોલમલોલ ચાલી રહ્યું છે. તો આ મુદ્દે મેં સરકાર સમક્ષ રજૂઆત કરી. બીજો એક ગંભીર મુદ્દો એવો છે કે ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવી પોતે સુરતમાં રહે છે પરંતુ સુરતમાં વસતા ટેક્સટાઈલના વેપારીઓને સુરત છોડવું પડે છે. સુરતમાં થઈ રહેલા ટેક્સટાઈલના ઉદ્યોગો હવે મહારાષ્ટ્રમાં શિફ્ટ થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયમાં સુરતના ૧૦૦૦ થી ૧૫૦૦ હજાર વેપારીઓએ સુરતમાં ફેક્ટરી બંધ કરીને મહારાષ્ટ્રના બોર્ડર પર આવેલ ગામમાં ફેક્ટરી લગાડી રહ્યા છે. આના પરથી ખ્યાલ આવે કે ઉદ્યોગો માટે પરિસ્થિતિ કેટલી હતી ખરાબ થઈ ગઈ છે. સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગોને સબસીડી આપવામાં આવતી નથી, એ બાબતે અમે આજે વિધાનસભામાં પ્રશ્ન રજૂ કર્યો હતો. તો આજે મેં જેટલા પણ પ્રશ્નો વિધાનસભામાં રજૂ કર્યા, સરકાર તેના પર ધ્યાન આપે એવી હું આશા રાખું છું.

## CEO પીટર એલ્બર્સે આપ્યું રાજીનામું, રાહુલ ભાટિયાને સોંપાઈ જવાબદારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની સૌથી મોટી ખાનગી એરલાઈન ઈન્ડિગો એ આજે એક મહત્ત્વની માહિતી આપી છે. કંપનીના સીઈઓ પીટર એલ્બર્સે તાત્કાલિક અસરથી પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના સ્થાને હવે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને સ્થાપક રાહુલ ભાટિયા વચગાળાના મેનેજમેન્ટની જવાબદારી સંભાળશે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે પીટર એલ્બર્સના યોગદાન બદલ તેમનો આભાર માન્યો છે અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે. જ્યાં સુધી નવા કાયમી લીડરની નિમણૂક ન થાય ત્યાં સુધી રાહુલ ભાટિયા એરલાઈનનો તમામ વહીવટ સંભાળશે. કંપનીએ સંકેત આપ્યા છે કે નવા સીઈઓની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. ચેરમેન વિક્રમ સિંહ મહેતાએ જણાવ્યું હતું કે, રાહુલ ભાટિયાના નેતૃત્વમાં કંપની તેની કાર્યક્ષમતા અને ગ્રાહકો પ્રત્યેની સેવાની ગુણવત્તાને વધુ મજબૂત બનાવશે. રાહુલ ભાટિયાએ જણાવ્યું હતું કે, 'છેલ્લા ૨૨ વર્ષથી આ એરલાઈન સાથે જોડાયેલા હોવાથી ગ્રાહકો અને કર્મચારીઓ પ્રત્યે મારી અંગત જવાબદારી છે. ઈન્ડિગો ભારતની સેવામાં અને વૈશ્વિક સ્તરે તેનું સન્માન વધારવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.' ઈન્ડિગો હાલમાં ૪૦૦થી વધુ એરક્રાફ્ટ સાથે દરરોજ ૨૨૦૦થી વધુ ફ્લાઈટ્સ ઓપરેટ કરે છે. વર્ષ ૨૦૨૫માં તેને 'બેસ્ટ એરલાઈન ઈન ઈન્ડિયા એન્ડ સાઉથ એશિયા'નો એવોર્ડ પણ મળ્યો હતો. ૯૫થી વધુ ઘરેલુ અને ૪૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્થળોને જોડતી ઈન્ડિગો આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી એરલાઈન્સમાંની એક છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૫૭ લપસ્યોઃ સોનાનો વાયદો વધીને રૂ.૧.૬૨ લાખ અને ચાંદીનો વાયદો રૂ.૨.૭૮ લાખને પાર

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૭૭૯.૦૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૮૮૭૫.૭૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૭૫૫.૯૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૦૨૬૪ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૦૬૫૬.૦૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૭૭૯.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૮૮૭૫.૭૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૨૬૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૬૧૧૫.૩૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૭૫૫.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૭૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૨૩૮૮ અને નીચામાં રૂ.૧૬૧૩૪૦ના મથાળે અથડાઈ, રૂ.૧૬૦૨૯૯ના આગલા બંધ સામે રૂ.૧૭૦૧ વધી રૂ.૧૬૨૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૫૮ વધી રૂ.૧૩૨૧૬૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧૭ વધી રૂ.૧૬૬૧૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૪ વધી રૂ.૧૬૧૯૩૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩૭૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૭૭૯ અને નીચામાં રૂ.૧૬૨૧૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૧૪૦૨ના આગલા બંધ સામે રૂ.૧૨૪૮ વધી રૂ.૧૬૨૬૫૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૧૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૮૩૩૯ અને નીચામાં રૂ.૨૭૧૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૬૭૧૬૦ના આગલા બંધ સામે રૂ.૭૭૫૫ વધી રૂ.૨૭૪૯૧૫ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૭૩૯૭ વધી રૂ.૨૮૦૩૫૫ થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૭૪૩૯ વધી રૂ.૨૮૦૪૧૬ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૧૮૩.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૯.૫૫ વધી રૂ.૧૨૦૩ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૭ વધી રૂ.૩૨૬.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૧.૧૫ ઘટી રૂ.૩૩૪.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૪૫ પૈસા વધી રૂ.૧૮૮.૬૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૧૭૧૫.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૧૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૧૫૬ અને નીચામાં રૂ.૪૦૯૪ના મથાળે અથડાઈ, રૂ.૧૫ વધી રૂ.૪૧૨૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૮૪૩૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૪૫૯ અને નીચામાં રૂ.૭૮૪૬ના મથાળે અથડાઈ, રૂ.૮૭૮૮ના આગલા બંધ સામે રૂ.૬૫૭ ઘટી રૂ.૮૧૩૧ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૬૫૭ ઘટી રૂ.૮૧૩૨ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૨૮૮.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૧.૮ ઘટી રૂ.૨૮૮.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૭૨.૧ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૯૭૦ થયો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૨૯ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૨૫૪૨ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૨૭૩.૦૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૪૮૨.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૧૫૦૯.૧૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૧.૩૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪.૨૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૬.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૭.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૭૧૧.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૯૬.૯૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૮૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૮ કરોડનાં કામ થયાં હતાં.


ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૧૦૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૦૭૦૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૦૫૩૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૭૩૮૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૦૩૯૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૦૨૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૨૩૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૪૯૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૨૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૬૬૨૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૭૫૬ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૩૧૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૦૩૧૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૦૧૬૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૦૯ પોઈન્ટ વધી ૪૦૨૬૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૨.૭ ઘટી રૂ.૨૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ ઘટી રૂ.૨૧.૦૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૬.૫ ઘટી રૂ.૫૩૮.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૪૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૮૬૯ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૧ વધી રૂ.૨૭.૫ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૯ પૈસા વધી રૂ.૭.૧ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૩૦.૯૫ ઘટી રૂ.૨૮૭.૫૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૨૨ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩.૫ ઘટી રૂ.૬૧૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૭૪ વધી રૂ.૯૨૩૯.૫ના ભાવે બોલાયો હતો.




પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૯.૭ વધી રૂ.૬૮૨.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬૫ વધી રૂ.૧૭.૬ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૯ ઘટી રૂ.૭૫૭ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૭.૫ ઘટી રૂ.૧૩૧૩.૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૮ ઘટી રૂ.૨૩.૬૭ થયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૨ પૈસા વધી રૂ.૪.૭ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૯.૧૫ વધી રૂ.૬૯૩.૪૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭ વધી રૂ.૨૩.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૧ ઘટી રૂ.૩૨૨૭ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૪૮.૫ ઘટી રૂ.૫૩૨૫ના ભાવે બોલાયો હતો.

### ખેડૂતોના ખેતરોમાંથી નહીં, બિનઉપજાઉ જમીનમાંથી વીજ લાઈનો પસાર કરવી જોઈએઃ હેમંત ખવા

# ખેડૂતોના ખેતરોમાંથી વીજ લાઈનો પસાર કરવાની પ્રથા સામે વિધાનસભામાં અવાજ ઉઠાવતા AAP ધારાસભ્ય હેમંત ખવા

અમદાવાદ/જામનગર/ગુજરાત

ગાંધીનગર વિધાનસભામાં ચાલેલી પ્રશ્નોત્તરી મામલે મીડિયા સાથે વાત કરતાં આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ખૂબ લાંબો દરિયાકાંઠો હોવાને કારણે આ વિસ્તારોમાં પવનચક્કીની કંપનીઓ કામ કરી રહી છે. આ પવનચક્કી દ્વારા ઉત્પન્ન થતી વીજળીને પરિવહન કરવા માટે કંપનીઓ દ્વારા હવે ખેડૂતોના ખેતરોમાં આડે-અવળે વીજ લાઈનોના ભારે ટાવરો નાખવામાં આવી રહ્યા છે. આ ટાવરો નાખવા માટે હાલમાં ૧૮૮૫નો ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, એટલે કે અંગ્રેજોના જમાનાનો બનાવેલો કાયદો અમલમાં છે. અંગ્રેજોએ તે સમયે નાની લાઈનો પસાર કરવા માટે જે કાયદો બનાવ્યો હતો, એ કાયદાની અંદર રહીને આજે ખાનગી વીજ ઉત્પાદન કંપનીઓ બેફામપણે ખેડૂતો પર અત્યાચાર કરી રહી છે. આપણે ગર્વથી કહીએ છીએ કે સોલાર અને પવનચક્કી ઊર્જામાં ગુજરાત રાજ્ય નંબર વન છે, પરંતુ દુર્ભાગ્ય છે કે ગુજરાતમાં આ માટે કોઈ નક્કર કાયદા નથી. આપણો દેશ આજે સ્વતંત્ર થયા પછી પણ ઘણા વર્ષો વીતી ગયા, છતાં હજુ સુધી અંગ્રેજોએ બનાવેલા કાયદા મુજબ જ ખેડૂતો પર દમન કરવામાં આવી રહ્યું છે.

હેમંત ખવાએ વધુમાં જણાવ્યું હતું કે આજે વિધાનસભા ગૃહમાં ઊર્જા વિભાગ, ઉદ્યોગ વિભાગ અને મહેસૂલ વિભાગની માંગણીઓ પર ચર્ચા દરમિયાન મેં મારા વિચારો રજૂ કર્યા અને સરકારનું ધ્યાન દોર્યું કે વહેલી તકે આ બાબતે કોઈ નક્કર કાયદો બનાવવામાં આવે. અંગ્રેજોએ પણ જે કાયદો બનાવ્યો હતો તેમાં એક પ્રાવધાન હતું કે શક્ય હોય ત્યાં સુધી આવી વીજ લાઈનો બિનઉપજાઉ જમીન અથવા સરકારી પડતર જમીનમાંથી પસાર કરવી. પરંતુ હાલમાં અંગ્રેજોના સીધીલીટીના વારસદારો દ્વારા તમામ નિયમોનું ઉલ્લંઘન કરીને બેફામપણે ખેડૂતોના ખેતરોમાંથી વીજ લાઈનો પસાર કરવામાં આવી રહી છે. હાલમાં મોટા પ્રમાણમાં ખેડૂતોની ખેતીની જમીનમાંથી વીજ લાઈનો પસાર કરવામાં આવી રહી છે.આ મુદ્દે આજે મેં વિધાનસભા ગૃહ સમક્ષ માંગણી કરી કે આવી વીજ લાઈનો એવા રૂટ પરથી પસાર કરવામાં આવે જ્યાં ખેડૂતોના ખેતરો ન હોય અને બિનઉપજાઉ જમીન હોય.હાલમાં ખેડૂતોને જે વળતર આપવામાં આવે છે તે પણ માત્ર ટાવરના ચાર પાયા વચ્ચે આવતી જમીન માટે જ ચૂકવવામાં આવે છે. જ્યારે વાસ્તવમાં વીજ ટાવર ખેડૂતોના ખેતરમાં આવવાથી આખી ખેતીની જમીનની કિંમત ઘટી જાય છે.તેથી સમગ્ર જમીનનું યોગ્ય મૂલ્યાંકન કરીને ખેડૂતને બજારભાવ મુજબ જેટલું વળતર મળવું જોઈએ તે માટે નક્કર કાયદો બનાવવામાં આવે તેવી માંગણી આજે ગૃહ સમક્ષ રજૂ કરી છે.

### ગરીબોને મફત વીજળી પર મજાક અને ઉદ્યોગપતિઓને કરોડો રૂપિયાની રાહતઃ ગોપાલ ઈટાલીયા

# ભાજપ સરકારની બે મોઢાની વાત સામે આવી, સુરત અને રાજકોટમાં ઉદ્યોગપતિઓના ૧૧૦૦ કરોડની વીજળીના બિલમાફઃ ગોપાલ ઈટાલીયા

### ગરીબોના ઘરના કનેક્શનનો કાપી નાખ્યા, પોલીસ મોકલી, તોડફોડ કરી, દાદાગીરી કરી અને પૈસા વસૂલવાનું કામ વીજળી કંપનીઓએ કર્યુંઃ ગોપાલ ઈટાલીયા

અમદાવાદ/રાજકોટ/સુરત/

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ભાજપની પોલ ખુલી જાય એવી માહિતી આજે સામે આવી છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પહેલા અરવિંદ કેજરીવાલજીએ જાહેરાત કરી હતી કે દિલ્હી અને પંજાબની જેમ ગુજરાતના લોકોને પણ મફતમાં વીજળી આપવામાં આવશે, ત્યારે ભાજપના લોકોએ આમ આદમી પાર્ટી અને ગુજરાતના ગરીબ લોકોની મજાક ઉડાવી હતી. ભાજપના લોકોએ કહ્યું કે "ગુજરાતમાં ગમે તેટલી મોંઘી વીજળી હશે તો પણ લોકોને પોસાશે." તો આજે વિધાનસભામાં મારો સવાલ હતો ત્યારબાદ જાણવા મળ્યું કે રાજકોટ અને સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઉદ્યોગીક કંપનીના ૧૧૦૦ કરોડ વીજળીના રૂપિયા માફ કર્યા છે. આ ફક્ત બે જિલ્લાનો આંકડો છે તો આખા ગુજરાતનો આંકડો કદાચ ૫૦૦૦૦ કરોડથી પણ વધારે હોઈ શકે. જો અમે ગરીબોને મફત વીજળી આપવાની વાત કરીએ તો ભાજપના લોકો મજાક ઉડાવે છે પણ ભાજપે ઉદ્યોગપતિઓને ૧૧૦૦ કરોડની વીજળી મફતમાં આપી, તો એમાં ભાજપના લોકો એમની મજાક નથી ઉડાવતા. અરવિંદ કેજરીવાલ મફત વીજળી આપવાની વાત કરે છે તો તેનો વિરોધ કરવામાં આવે છે અને બીજી બાજુ ઉદ્યોગપતિ મિત્રોને મફતમાં વીજળી આપવી છે, આ બે મોઢાની વાતો વિધાનસભાના માધ્યમથી ખુલ્લી પડી છે.

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, બાદમાં મેં વિધાનસભામાં વળતો પ્રશ્ન પૂછ્યો કે "આ મફત વીજળી આપો છો, તો આના નીતિ નિયમો શું છે?" તો ઉર્જા મંત્રીએ એવો લાંબો લાંબો જવાબ આપ્યો કે જેનાથી કંઈ સ્પષ્ટ સમજાય નહીં. ત્યારબાદ મેં એવું પણ પૂછ્યું કે "કેટલી કંપનીઓએ મફતમાં વીજળી લેવા માટે અરજી કરી અને કેટલી કંપનીઓની અરજી મંજૂર થઈ અને કેટલી અરજીઓ નામંજૂર થઈ?" તો એની પણ કોઈ ચોક્કસ આંકડાકીય માહિતી મને મળી નહીં. બાદમાં મેં એવો પણ સવાલ કર્યો કે "આ કઈ કંપનીઓ છે જેને તમે મફતમાં વીજળી આપો છો?" એક બાજુ વીજળી કંપનીઓએ સ્પેશિયલ ડ્રાઈવના નામે ગરીબોના ઘરના કનેક્શનનો કાપી નાખ્યા, પોલીસ મોકલી, તોડફોડ કરી, દાદાગીરી કરી અને પૈસા વસૂલવાનું કામ વીજળી કંપનીઓએ કર્યું. અરવિંદ કેજરીવાલજી જે કહેતા હતા તે આજે સાબિત થયું કે ગુજરાતની ભાજપ સરકાર ઉદ્યોગપતિઓની અને ૫-૨૫ મળતીયાઓની સરકાર છે અને ભાજપ સરકાર સામાન્ય માણસને કશું આપી શકે એમ નથી, આજે વિધાનસભામાં મારા પ્રશ્નથી સાબિત થયું.

# સોનિયા ગાંધી પર ટીપ્પણી કરતા કોંગ્રેસના ધારાસભ્યએ જીતુ વાઘાણીને આપી ધમકીઃ લીમીટ માં રહોઃ સોનિયા ગાંધી ઈમ્પોર્ટ થયેલા નેતા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

વિધાનસભા ગૃહમાં આજે મંગળવારે રસાકસીભર્યો માહોલ જોવા મળ્યો હતો. પહેલા ટી-૨૦ મેચ ની ટીકીટનો મુદ્દો અને પછી જીતુ વાઘાણીની સોનિયા ગાંધી પર ટીપ્પણી ને લઈ વિવાદ સર્જાયો હતો. ગુજરાત સરકારના મંત્રી જીતુ વાઘાણીએ કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી પર શાબ્દિક પ્રહાર કરતા કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે મંત્રી જીતુ વાઘાણીને લીમીટ માં રહેવાની ધમકી આપી હતી.




આજે મંગળવારે ધારાસભ્ય અરવિંદ પટેલે ફાઈનલની ટીકીટ ન મળી હોવાની વ્યથા વ્યકત કરી હતી. તો આ મુદ્દે કટાક્ષ કરતા આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયા બોલ્યા હતા કે પ્રજાના પ્રશ્નોની જગ્યાએ ટીકીટ ની વાત થાય છે. તો આ થોડીવાર બાદ મંત્રી જીતુ વાઘાણીએ માંગણીઓ પર ચર્ચા કરતા કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે સાતમી વખત વિધાનસભા જીત્યા છીએ અને આઠમી વખતે પણ અમે જ જીતીશુ, વિકાસ માટે એકસપોર્ટ કરવુ પડે એ કોંગ્રેસને ના ખબર પડે, કોંગ્રેસના નેતા ઈમ્પોર્ટ થઈને આવ્યા છે. સ્વદેશી નેતા નરેન્દ્ર મોદી જોઈએ, સોનિયા ગાંધી ઈમ્પોર્ટ થયેલા નેતા છે તો કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે મંત્રી જીતુ વાઘાણીને આ નિવેદનના જવાબમાં લીમીટમાં રહો તેવુ સંભળાવી દીધુ હતું. માંગણીઓ પરની ચર્ચા દરમિયાન શૈલેષ પરમારે કૃષિ મંત્રી જીતુ વાઘાણીને કહ્યુ કે લીમીટમાં રહો, લીમીટ માં નહી રહો તો મારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવો પડશે. હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીશ તો બધુ રેકોર્ડ પર નોંધાશે. ઉલ્લેખનીય છે કે જીતુ વાઘાણી વારંવાર સોનિયા ગાંધીનુ નામ લઈને કટાક્ષ કરતા હતા. વિદેશી અને સોનિયા ગાંધીનુ નામ લેતા શૈલેષ પરમારે તેઓને શાબ્દિક ધમકી આપી હતી.

તો જીતુ વાઘાણી આટલે થી અટકયા ન હતા. વિધાનસભામાં માંગણીઓ પર ચર્ચા દરમિયાન મંત્રી જીતુ વાઘાણીએ જવાબ રજુ કરતા આગળ કહ્યુ હતુ કે યુવાનોને ભુતકાળમાં ઘણુ કરવુ હતુ પણ સુવિધા ન હતી, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મહત્વના વિભાગો તરફ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું. વર્તમાન બજેટમાં ઐતિહાસિક જોગવાઈઓ સરકારે કરી છે. સનાતન ધર્મના મંદીરોના વિકાસ માટે ૧ હજાર કરોડ રૂપીયા ફાળવ્યા છે. લઘુમતિ સમાજના રાજકારણ માટે દરગાહ ની વિકાસની વાત મુકી છે. મતોના રાજકારણ માટે વાત કોંગ્રેસ મુકી રહી છે. સનાતન ધર્મ માટે ખુલીને બોલતા નથી. ભારતની જીત થાય અને ક્રિકેટ ટીમની ટી શર્ટ પહેરવાની સાચા દેશભકત ન થવાય, દેશભકિત હૃદયમાં હોવી જોઈએ.

મહત્વનુ છે કે ગઈ કાલે ઈમરાન ખેડાવાલા ટીમ ઈન્ડીયાની ટી શર્ટ પહેરીને વિધાનસભા ગૃહમાં આવ્યા હતા. ટી -૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતની જીત થતા તેઓ ટીમ ઈન્ડીયાની જીતની ખુશીમાં ટી શર્ટ પહેરીને ગૃહમાં પહોચ્યા હતા. ત્યારે આ મુદ્દાને ટાંકીને કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પર મંત્રી જીતુ વાઘાણીએ પ્રહાર કર્યો હતો અને કહ્યુ હતુ કે ભારતની જીત થાય અને ક્રિકેટ ટીમની ટી શર્ટ પહેરવાની સાચા દેશભકત ન થવાય. દેશભકિત હૃદયમાં હોવી જોઈએ.

# કાયનાત અંસારીની ધરપકડ મુદ્દે દિલ્હીથી AAPનો પ્રહાર, પ્રિયંકા કક્કરે ભાજપ સરકારને ઘેરી

અમદાવાદ/કચ્છ/ગુજરાત

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રિયંકા કક્કરે ગુજરાતના એક ગંભીર મુદ્દે દિલ્હી ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં AAP રાષ્ટ્રીય નેતા પ્રિયંકા કક્કરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટીની એક કર્મઠ કાર્યકર્તાની ધરપકડ કરવામાં આવી છે. પૂર્વ કચ્છના જિલ્લા પ્રમુખ ડૉ. કાયનાત અંસારીએ ૫૦થી વધુ વખત ગાંધીધામની પોલીસને ફરિયાદ આપી કે ક્યાં ક્યાં ગેરકાયદેસર દારૂ વેચાઈ રહ્યો છે. પરંતુ ગઈકાલે રાત્રે પોલીસે કાયનાત અંસારીને જ ગિરફતાર કરી લીધા. શું આ રીતે ગુજરાતમાં ગેરકાયદેસર દારૂનો કારોબાર બંધ થશે? એક આંકડા પ્રમાણે ગુજરાતમાં ૪૦,૦૦૦ કરોડનો ગેરકાયદેસર દારૂ વેચાય છે. કઈ રીતે આટલો મોટો ગોરખ ધંધો ચાલે છે? શા માટે કોઈ નથી પકડાતું? હકીકત એ છે કે ભાજપના એક એક નેતાઓ અને મંત્રીઓ આમાં સામેલ છે, માટે કોઈ કાર્યવાહી નથી થતી. વધુમાં AAP રાષ્ટ્રીય નેતા પ્રિયંકા કક્કરે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીની ભાજપમાં એવા લોકોને પાર્ટીમાં લેવામાં આવે છે અને સાંસદ બનાવવામાં આવે છે, કેબિનેટ મિનિસ્ટર બનાવવામાં આવે છે જેઓ જાણીતા બુટલેગર છે. ગુજરાતમાં તસ્કર જ સરકાર ચલાવે છે. દરેક બોટલ પર દરેકનું કમિશન નક્કી હોય છે અને ખાલી કહેવા માટે નશાબંધી છે. હું ભાજપને કહેવા માગું છું કે તમે અમારા કાર્યકર્તાને જેલમાં નાખી રહ્યા છો પરંતુ અમારી સરકાર આવશે ત્યારે તમારા એક એક મંત્રીઓ જેલમાં જશે જેઓ આ ગોરખધંધામાં સામેલ છે. પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકારે ખોટી રીતે નશાના કારોબારમાં જોડાયેલા ૫૦,૦૦૦ થી વધારે લોકોને ગિરફતાર કર્યા, એવી રીતે જ ગુજરાતમાં પણ ભાજપાના નેતાઓને છોડવામાં નહીં આવે. વધુમાં AAP રાષ્ટ્રીય નેતા પ્રિયંકા કક્કરે જણાવ્યું હતું કે, ડૉ. કાયનાત અંસારીએ અલગ અલગ સમયે ૫૦ જેટલી પોલીસ ફરિયાદો કરી પરંતુ જ્યારે પોલીસે કોઈ એક્શન ન લીધું, ત્યારે કાયનાત અંસારીએ પોતે જનતા સાથે મળીને દારૂના અડ્ડાઓ પર જનતા રેડ કરી હતી. આ દરમિયાન તેઓએ એક વીડિયોમાં તમામના ચહેરાઓ દેખાડ્યા અને એ વિડીયો વાયરલ થઈ ગયો, જેથી ગુજરાતની ભાજપ સરકાર પરેશાન થઈ ગઈ. વાયરલ વીડિયોમાં દેખાઈ રહેલા અપરાધીઓ વિરુદ્ધ કોઈ કેસ ન થયો અને તેમને કોઈ જેલ ન થઈ પણ જનતા રેડ કરનાર કાયનાત અંસારીને જ જેલમાં નાખી દેવામાં આવ્યા. ભાજપે સમજવું પડશે કે અમે આમ આદમી પાર્ટીના લોકો તમારી જેલોથી નથી ડરતા. ભાજપે સમજવું પડશે કે બાપુના ગુજરાતમાં દારૂ વેચવો અને દારૂ પીવો એ ગેરકાયદેસર છે, અને આવા લોકો પર એક્શન લેવામાં આવે.


**પશ્ચિમ રેલ્વે**

**વિદ્યુત કાર્ય**

સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), વેસ્ટર્ન રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ઈ-ટેન્ડર સૂચના નં. WR-MMCTOE SUB(ESOT)/24/2025 ને આમંત્રણ આપે છે. કામનું નામ: ચર્ચગેટ-વિરાર સેક્શન રોડ ઓવર બ્રિજ/ફૂટ ઓવર બ્રિજ હેઠળ કમ્પોઝિટ હાઇ વોલ્ટેજ ઇન્સ્યુલેશન કોટિંગનો પુરવઠો અને ઉપયોગ. કામની અંદાજિત કિંમત: ₹ 1,19,54,450/- બિડ સિક્યોરિટી: ₹ 2,09,800/-. સબમિશનની તારીખ અને સમય: તા.01.04.2026 ના રોજ બપોરે 15:00 કલાક પછી નિર્ધારિત રીતે નહીં. ખુલવાની તારીખ અને સમય: તા.01.04.2026 ના રોજ બપોરે 15:30 કલાકે. વેબસાઇટ વિગતો: ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in દ્વારા જોઈ અને સબમિટ કરી શકાય છે. 1199

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

મહાનગર સેવા સદન, એસ્ટેટ અને નગરવિકાસ ખાતું, પશ્ચિમ ઝોન

૧૦, ગ્રા.ફ્લોર, એ.એમ.સી. મલ્ટી લેવલ પાર્કીંગ એન્ડ કોમર્શીયલ કોમ્પલેક્ષ, નવરંગપુરા, અમદાવાદ.

Email:dytdowz@ahmedabadcity.gov.in

**ટેન્ડર નોટિસ**

ટેન્ડર નં.EST/WZ/PAY PARKING/2025-26/3

પલ્લવ ઓવરબ્રીજ નીચે ૨૨ ગાળામાં "પે એન્ડ પાર્ક" ના ધોરણે ઓફ રોડ / ઓફ સ્ટ્રીટ વાહન પાર્કિંગનો પરવાનો મેળવવા અંગેનું ટેન્ડર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના પશ્ચિમ ઝોન વિસ્તારમાં પલ્લવ ઓવરબ્રીજ નીચે "પે એન્ડ પાર્ક" ના ધોરણે ઓફ રોડ / ઓફ સ્ટ્રીટ વાહન પાર્કિંગનો પરવાનો વાર્ષિક લાયસન્સ ફી થી મેળવવા રસ ધરાવનાર વ્યક્તિ / સંસ્થાઓ પાસેથી ઓફરો મંગાવવામાં આવે છે. સદરહું ટેન્ડર તા.૨૫/૦૩/૨૦૨૬ બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં ટેન્ડર ફોર્મમાં જણાવેલ સ્થળે નિયત સમય મર્યાદામાં સીલ બંધ કવરમાં ટેન્ડર બોક્સમાં જમા કરવાના રહેશે. આ અંગેનાં ટેન્ડર ડોક્યુમેન્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરનો સ્વીકાર કે અસ્વીકાર કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની રહેશે .

(પશ્ચિમ ઝોન)

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર

# ખરો વિકાસ કેવો હોય?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજે આપણી સામે સૌથી મોટો સવાલ છે, ઉદ્યોગીકરણનો. એક ખેતીપ્રધાન સમાજનું ઉદ્યોગીકરણ કઈ રીતે કરવું, કેવી રીતે કરવું? તેને માટે આપણને એકમાત્ર નમૂનો દેખાય છે. યુરોપના દેશોનો. એ બધા દેશોએ અઢારમી ને ઓગણીસમી સદીમાં પોતાના સમાજને ઔધોગિક સમાજમાં જે રીતે પલ્ટી નાંખ્યો,પોતાનો ઔધોગિક વિકાસ જે રીતે કર્યો તે રીતે આપણે પણ આપણો ઔધોગિક વિકાસ કરી નાંખીએ. આ માટે યુરોપના દેશોનો નમૂનો આપણી નજર સામે આવે છે. અને એ જ આદર્શ નમૂનો છે. એમ આપણને લાગે છે.

પરંતુ આ બાબત શાંતિથી વિચારવાની જરૂર છે. શું આ જ એક આદર્શ નમૂનો છે? તે આપણને બંધ બેસતો થાય એવો નમૂનો છે? તે આપણને આજે માફક આવે એવો નમૂનો છે? આ વિશે ગંભીર ચિંતન થવું જોઈએ. આ, જે પરિવર્તન આપણે કરવા માંગીએ છીએ. તે શાંતિથી, સહેલાઈથી, સમાજમાં મોટી ઊથલપાથલ સરજ્યા વિના તેમજ કોઈ પણ જાતની પ્રગટ કે પ્રચ્છન્ન હિંસક અસરો જન્માવ્યા વિના કેવી રીતે થાય તે વિચારવું જોઈએ.

બહુ લાંબે ગાળે શું થશે તે તો ન કહી શકાય. પરંતુ વાસ્તવિકતા એ છે કે આવી રીતે ઉદ્યોગીકરણ કરવા જતાં વચગાળાના સમયમાં મોટા પ્રમાણમાં બેકારીનો પ્રશ્ન જરૂર ઊભો થાય છે.ઉદ્યોગીકરણને કારણે લોકોના પરંપરાગત ચાલુ કામધંધા ઉપર ભારે અસર થાય છે. તે કામધંધા પડી ભાંગે છે અને લોકો બેકાર બને છે.

કામધંધા વિહોણા થઈ ગયેલા બધા લોકોને નવા ઉદ્યોગો પોતાનામાં સમાવી શકતા નથી. અને તેથી ઘણા લોકોની બેકારીનો બિહામણો પ્રશ્ન ઊભો થાય છે.

ઉપરાંત આજે ચાલતા વિજ્ઞાન ટેકનોલોજીના સંશોધનનું સ્વરૂપ પણ બદલવું પડે. આજે તો એ સંશોધનો માત્ર શહેરોને અને મોટા ઉદ્યોગોને જ ધ્યાનમાં રાખીને ચાલુ છે. તેને બદલે એ સંશોધનો એવા હોવા જોઈએ કે આપણે જે રીતનું નવસંસ્કરણ આજના આપણા ગ્રામીણ અર્થતંત્રનું કરવા માંગીએ છીએ. તેમાં તે આપણને મદદરૂપ થાય.

આવું જ આજની લોકશાહી વ્યવસ્થા અંગે આપણે બીજી કોઈ ચર્ચા કે વિવાદમાં ન પડીએ. માત્ર વ્યવહારની દ્રષ્ટિએ વિચારીએ. લોકશાહી એટલે લોકોની પોતાની શાસનવ્યવસ્થા અને તે પણ સર્વ લોકોની. સ્વાભાવિક રીતે જ આનો અર્થ એવો કે આર્થિક દ્રષ્ટિએ આ વ્યવસ્થા એવી હોય કે જેમાં સર્વ લોકોનો વિકાસ થાય. સર્વ લોકોનું કલ્યાણ થાય.આ જ તો લોકશાહીનો અસલ મર્મ છે. અસલ હેતુ છે. એટલે લોકશાહી વ્યવસ્થામાં એવી આર્થિક વ્યવસ્થા બિલકુલ ન ચાલે જે કોઈ પણ લોકોનું નુકશાન કરતી હોય. ઉદ્યોગીકરણ કરવા જઈએ ત્યારે પણ એટલું બરાબર ધ્યાનમાં રખાય કે તેનાથી કોઈને પણ ખમવું પડે તો ઓછામાં ઓછું ખમવું પડે તથા માનવીય મૂલ્યોને હાનિ ન પહોંચે એ જ તો લોકશાહીનો પાયાનો સિંધ્ધાંત છે.

# જો વહીવટ સુધારવો હોય તો નવી સિવિલ હોસ્પિટલ સુરતમાં વર્ષોથી ખાઈબદેલા ડો. કેતન નાયક જેવા અધિકારીઓને બદલો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત ની નવી સિવિલ હોસ્પિટલ મજુરાગેટ પાસે આવેલી છે. આ હોસ્પિટલમાં સમગ્ર દક્ષિણ ગુજરાત અને એને અડીને આવેલ ભરુચ, નવસારી, વલસાડ, આહવા, ડાંગ, રાજપીપળા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર જેવા વિસ્તારોમાંથી રોજના અનેક ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ સારવાર મેળવવા માટે આવતા હોય છે. આ હોસ્પિટલના સારવાર આપતા તબીબી અધિકારીઓ સારી સેવા બજાવી રહયા છે. અને દર્દીઓ સાજા થાય છે.

પરંતુ હોસ્પિટલનો વહીવટ કરતાં RMO, સુપ્રિટેન્ડન્ટ અને મેડિકલ સ્ટોર અને જનરલ વહીવટ સંભાળતા અધિકારીઓ સંપૂર્ણ પણે નિષ્ફળ ગયા છે. અને હોસ્પિટલ ના સ્ટોરમાં સ્ટ્રેચર,વ્હીલચેર અને ગાદલાં ચાદર ના પૂરતો સ્ટોક હોવા છતાં દર્દીઓ આ સુવિધાઓથી વંછિત રહે છે.અને દર્દીઓએ ગંધાતા ગાદલાં, ચાદરો પર સૂવું પડે છે. દર્દીના સગાઓએ દર્દીઓને જાતે ઊંચકીને લઈ જવા પડે છે કે જાતે સ્ટ્રેચર કે વ્હીલચેર ખેંચવા પડે છે.

કોન્ટ્રાકટર ધ્વારા કર્મચારીઓ ખોટી હાજરી પૂરી દર્દીઓને સારવારથી વંછિત રાખવામા આવે છે. હોસ્પિટલના મુખ્યગેટ પાસે આવેલ છાંયડામાં દવા માટે લાંબી લાઈનો લાગે છે. અને હોસ્પિટલનું દવાનું બજેટ કયાં ખર્ચાય છે? એની કોઈ જાણકારી કોઈને હોતી નથી.

મોટાભાગના ડોકટરો છાંયડામાંથી દવા મળી શકે એવી દવાઓ જ લખતા હોય છે. પહેલા સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર અને ટેસ્ટ ફ્રી ઓફ ચાર્જમાં થતાં હતા. હવે શાસન બદલાતા ગરીબ દર્દીઓને દવાથી વંછિત રહેવું પડે છે. વોર્ડમાં દાખલ થતાં દર્દીઓએ જે રીતે ખાનગી હોસ્પિટલમાં દાખલ થઈ ને બહારથી દવા ખરીદવી પડે છે. એવા હાલ સુરત નવી સિવિલ હોસ્પિટલના થયા છે. જ્યારે લાગવગીયા દર્દીઓ ને રોગી કલ્યાણ સમીતી ધ્વારા દવા ખરીદી પૂરી પાડવામાં આવે છે. કેસ પેપરના તેમજ તમામ રિપોર્ટના એક્સ-રે, સોનોગ્રાફી, સીટી સ્કેન,લેબોરેટરી વિગેરે ટેસ્ટના ચાર્જ વસૂલ કરવામાં આવે છે. અને આ નાણાં રોગી કલ્યાણ સમીતીમાં જમા થાય છે. અને તેનો વહીવટ મનફાવે એમ કરવામાં આવે છે. કારણકે રોગી કલ્યાણ સમિતિની આવકનું કોઈ ઓડિટ થતું નથી. અને ખાનગી ઓડિટરો ધ્વારા રિપોર્ટ કઢાવી લેવામાં આવે છે. છેલ્લા ત્રીસેક વર્ષથી નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે ડો.કેતન નાયક મેડિકલ ઓફિસર તરીકે જોડાયેલા અને મોટા ભાગનો સમય તેમણે મેડિકલ સ્ટોરમાં વિતાવેલો છે. હાલ તેઓ ઈર્ર તરીકે ફરજ બજાવે છે. અને સુરતની નવી સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ની કોઈ કાયમી ધોરણે નિમણુંક થઈ નથી તેથી ડો. નાયક સર્વેસર્વા તરીકે વર્તીને એક હથ્થું શાસન ચલાવી રહ્યા છે. ડો. નાયક કોની મહેરબાનીથી ૩૦ વર્ષ કરતાં વધુ સમયથી એકધારી ફરજ બજાવી રહ્યા છે? સરકારમાં સામાન્ય રીતે ત્રણ વર્ષે અધિકારીઓ બદલાતા હોય છે ત્યારે આ નિયમ ડો.નાયકને કેમ લાગુ નથી પડતાં?

આરોગ્ય ખાતાના નિયામક ડોકટરોની નિમણુંક અને બદલી કરતાં હોય છે તેઓના ડો. કેતન નાયક ઉપર ચાર હાથ હોય એ પાછળ કયા પરિબળો જવાબદાર છે ?

## ગુજરાતમાં ધમકીભર્યા ઈમેઈલથી ફફડાટ: દાહોદ બાદ ફરી એકવાર રાજકોટ, જુનાગઢ અને ભાવનગરની સરકારી કચેરીઓ નિશાના પર




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ફરી એકવાર સરકારી કચેરીઓને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્ર હરકતમાં આવ્યુ છે. આજે મંગળવારે સવારે રાજકોટની પાસપોર્ટ ઓફીસ, જુનાગઢ ની ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ અને ભાવનગર ની હેડ પોસ્ટ ઓફીસને ટાર્ગેટ કરતા ધમકીભર્યા ઈમેઈલ મળ્યા હતા.

રાજકોટ પોલીસ કંટ્રોલ રૂમને આજે બપોરે ૧૨ વાગે સંદેશ મળ્યો હતો કે હેડ પોસ્ટ ઓફીસ અને પાસપોર્ટ ઓફીસમાં બપોરે ૧૨:૧૫ કલાકે બોમ્બ બ્લાસ્ટ થવાના છે. આ ગંભીર સુચના મળતા જ એસીપી બી જે ચૌધરી સહિત પોલીસ ટીમો, એસઓજી તેમજ ક્રાઈમ બ્રાન્ચ અને બોમ્બ / ડોગ સ્કવોડનો કાફલો ઘટનાસ્થળે પહોચી ગયો હતો. સાવચેતીના ભાગરૂપે તાત્કાલીક રાજકોટ ની હેડ પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટ ઓફીસ ખાલી કરાવી તમામ કર્મચારીઓ અને ગ્રાહકોને સુરક્ષિત બહાર ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ તાબડતોબ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. જો કે પોલીસ તપાસ બાદ કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. આ મામલે રાજકોટ એસીપી બી જે ચૌધરીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે તમામ કચેરીઓની જીણવટભરી તપાસ બાદ કસુ વાંધાજનક મળી આવ્યુ નથી. હવે આ ધમકીભર્યો ઈમેઈલ કયાંથી અને કોણે મોકલ્યો છે તે જાણવા માટે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ટેકનીકલ તપાસ શરૂ કરવામાં આવી છે.

## ગુજરાત સહિત સમગ્ર દેશમાં ગેસનું વિતરણ બંધ થઈ શકે છે: હોટલ તથા રેસ્ટોરન્ટ અને ઉદ્યોગો પર પડશે ભારે અસર




પ્રતિનિધિ,ગાંધીનગર

અમેરીકા ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યુ છે. યુદ્ધ ને કારણે મીડલ ઈસ્ટ માં તણાવ વધી ગયો છે. તેની અસરને કારણે વૈશ્વિક સ્તર પર ક્રુડ ઓઈલની કિંમતો ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર પહોચી ગઈ છે. મુંબઈ, ચેન્નાઈ, હૈદ્રાબાદ અને બેંગલુરૂ જેવા મોટા શહેરોમાં બુકીંગ ગેસ કે એલપીજીના કોર્મશીયલ ઉપભોગકર્તા અને ગુજરાતના મોરબીમાં ટાઈલ્સ અને સિરામિક બનાવનારી ઈન્ડ્રસ્ટ્રીઝને ગેસ ની અછતનો ડર લાગવા લાગ્યો છે.

સરકારે રીફાઈનર અને ફયુલ રીટેલર્સને પહેલા ઘરોમાં ગેસ સીલીન્ડર પહોચાડવા માટે પ્રાથમિકતા આપવાનુ કહ્યુ છે. તેના કારણ હોટલો અને રેસ્ટોરન્ટોને મળનાર ૧૯ કિલોના કોર્મશીયલ સીલીન્ડરોની સપ્લાયમાં કાપ મુકવામાં આવ્યો છે. તેવામાં મોટા શહેરોમાં કોર્મશીયલ ગેસ સીલીન્ડરોની અછત જોવા મળી રહી છે. કોર્મશીયલ એલપીજી સીલીન્ડર ની અચાનક અછતે હોસ્પીટલ સેકટર ને પણ ચિંતામાં મુકી દીધુ છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં રેસ્ટોરન્ટ એસોસીએશને ચેતવણી આપી છે કે જો સપ્લાય યોગ્ય નહી થાય તો થોડા દિવસોમાં ભોજનની દુકાનો બંધ થઈ જશે. ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓનુ કહેવુ છે કે અછતની અસર મુંબઈ અને બેંગાલુરૂમાં જોવા મળી રહી છે. મીડીયા રીપોર્ટસ અનુસાર ઈન્ડીયા હોટલ્સ અને રેસ્ટોરન્ટસ એસોસીએશનના પ્રમુખ વિજય શેટ્ટીએ કહ્યુ હતુ કે અછત ઝડપથી ફેલાઈ રહી છે અને જલ્દી આ સેકટર ઠપ થઈ શકે છે.

જો આ અછત યથાવત રહી તો આગામી બે દિવસમાં મુંબઈના બધા રેસ્ટોરન્ટસ બંધ કરી દેવામાં આવશે. વધુમાં તેમણે કહ્યુ કે એસોસીએશને કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી હરદીપસિંહ પુરીને પત્ર લખ્યો છે અને મહારાષ્ટ્રના સીવીલ સપ્લાય મંત્રી છગન ભુજબલ ના સંપર્કમાં પણ છે. રેસ્ટોરન્ટ માલીકોનુ કહેવુ છે કે રવિવાર થી કોર્મશીયલ એલપીજી સપ્લાયમાં ઘટાડો થયો છે. જયારે ઘરેલુ સીલીન્ડરોની ડીલીવરી બુકીંગ બાદ ૨ થી ૮ દિવસમાં થઈ રહી છે. ગુજરાતમાં પણ તેની અસર થઈ રહી છે. ગેસ સીલીન્ડરમાં અછતની અસર ગુજરાતમાં પણ થઈ શકે છે. ગુજરાતના મોટા શહેરોમાં હોટલ રેસ્ટોરન્ટો પર તેની અસર થઈ શકે છે. આ સિવાય મોરબીના સિરામિક અને ટાઈલ્સ ઉદ્યોગ પર તેની મોટી અસર થઈ શકે છે. જો ગેસની સપ્લાયમાં અછત યથાવત રહી તો ઘણા ઉદ્યોગો બંધ થઈ શકે છે. ગુજરાતમાં અનેક ઉદ્યોગો એવા છે જેને રોજેરોજ ગેસની જરૂર પડે છે. તેવામાં આ સંકટ આર્થિક નુકશાન કરાવી શકે છે.

## સુરત અને વડોદરામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછત સર્જાઇ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ઉદ્યોગો માટેના ગેસના પુરવઠામાં ઘટ સર્જાઈ છે, ત્યારે સુરત, વડોદરા, સહિતના શહેરોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની પણ અછત સર્જાતા હોટલ, રેસ્ટોરન્ટ અને કેફે સહિતના વ્યવસાયને માઠી અસર પડી રહી છે.

અગાઉ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(GPCB) પરિપત્ર જાહેર કરીને માન્યતા પ્રાપ્ત પ્રવાહી બળતણ વાપરવાની હંગામી મંજૂરી આપી હતી.

મળતી માહિતી મુજબ, મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની સીધી અસર વેપારીઓ અને ગૃહિણી પર પણ વર્તાઈ રહી છે. જેમાં યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસ સપ્લાય ચેઈનમાં અવરોધ ઉભો થતાં ગેસની ઘટના જોવા મળી રહી છે. સુરતમાં અંદાજે ૬૭ જેટલાં કોમર્શિયલ ગેસ ડિસ્ટ્રીબ્યુટર્સ છે. જેમાં ગેસ ન મળવાથી લોકોને હાલાકી પડી રહી છે. સુરતમાં કોમર્શિયલ સિલિન્ડર મેળવવા માટે ૧૦-૧૫ દિવસનું વેઈટિંગ હોવાનું ગેસ એજન્સીના સંચાલકો જણાવી રહ્યા છે. આમ, યુદ્ધની સીધી રીતે અસર ગેસ સપ્લાય ચેઈનમાં પડી રહી હોવાથી સુરત સહિતના શહેરોમાં ગેસની અસર વર્તાઈ રહી છે. જેના કારણે અનેક ધંધાર્થીઓ ચિંતામાં મૂકાયા છે.

